# વાતોડી કઠિયારણ

**– મંજુલા પી. રૂપારેલ**

મઢી ગામની આ વાત છે. ત્યાં એક કઠિયારો અને કઠિયારણ સુખેદુ:ખે દિવસો પસાર કરતાં હતાં. કઠિયારણ એવી કે એના પેટમાં કદી કોઈ વાત ટકતી નહોતી. આખો દિવસ એ વાતોનાં વડાં કર્યા કરે. નહીં જેવી વાતને વધારીને હાથી જેવડી બનાવી દે.

એક દિવસ કઠિયારો જંગલમાં લાકડાં કાપવા ગયો. ત્યાં અચાનક તેને શિયાળનો શિકાર કરવાનું મન થયું. પણ પાસે બંદૂક તો હતી નહીં, એટલે કંઈ શિકાર કરી શકે ? તેના મગજમાં એક વિચાર સ્ફૂર્યો અને શિયાળને ફસાવવા તેણે એક મોટો ખાડો ખોદવાનું નક્કી કર્યું.

ખાડો ખોદતો હતો ત્યાં....એકાએક તેની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. તે જેમ–જેમ ખાડો ખોદતો ગયો, તેમ–તેમ તેમાં દટાયેલું ધન મળતું ગયું.

ભાગ્યની રમત પણ કેવી અજાયબી છે ! શિકાર કરવા ખાડો ખોદ્યો, પણ...નસીબે ધન મળી ગયું. હવે શું કરવું ? ઘરે કેવી રીતે લઈ જવું ? પોતાની પત્નીને આ વાતની ખબર પડે તો તે આખા–ગામમાં વાત ફેલાવી દે અને આ વાત નગરશેઠના કાને પહોંચી જાય, તો પછી નગરશેઠ મળેલું ધન ઝૂંટવી લે.

એક તરફ ધન મળ્યું તેનો આનંદ થયો, તો બીજી તરફ તેને ક્યાં રાખવું તેની ચિંતા તેને સતાવવા લાગી. કોઈ રસ્તો સૂઝતો નહોતો તેથી તે નિરાશ થયો. ધનની લાલચમાં તે લાકડાં કાપવાનું પણ વીસરી ગયો હતો. એકાએક તેને વિચાર આવ્યો અને તે આનંદથી નાચી ઊઠયો. તેણે પોતાનું ફાળિયું કાઢ્યું અને તેમાં બધું ધન બાંધી દીધું. પછી તેણે તે ધનનું પોટલું તે જ જગ્યાએ દાટી દીધું અને નિશાની માટે એક મોટો પથ્થર લાવીને તેની ઉપર મૂક્યો. પછી તે નદી તરફ આગળ વધ્યો. ત્યાં તેણે નદીમાં જાળ ફેંકીને એક માછલી ફસાવી.

જાળમાં ફસાયેલી માછલી લઈ તે થોડો આગળ વધ્યો. આગળ જઈ તેણે એક જાળમાં એક સસલું ફસાવ્યું. પછી તે માછલીને સસલાની જાળમાં અને સસલાને માછલીની જાળમાં મૂકીને ઘરે પહોંચી ગયો.

કઠિયારો ઘરે પહોંચ્યો ત્યારે રાત ઘણી વીતી ગઈ હતી. તેણે પત્નીને બૂમ પાડીને કહ્યું : ''આજે માલપૂઆ બનાવ.''



તેની પત્ની છણકો કરતાં બોલી : ''શું કંઈ પાગલ તો નથી થઈ ગયા ને ? અડધી રાત્રે કોઈ માલપૂઆ ખાતું હશે ?''

''હું કહું એમ કર. આજે આપણાં નસીબ ઊઘડી ગયાં છે. લાકડાં કાપવા ગયો ત્યાં એક ખાડામાંથી મને ધન મળ્યું છે. સારાં શુકન જોઈને મિષ્ટાન્ન ખાઈને ધન લેવા જવું છે, માટે જીભાજોડી કર્યા વિના હું કહું તેમ કર.''

આ વાત સાંભળીને કઠિયારણ ખૂબ ખુશ થઈ ગઈ અને જલદી–જલદી માલપૂઆ બનાવવા લાગી. તે કઠિયારાને આગ્રહ કરીને ખવરાવતી અને કહેતી : ''ગરમ ગરમ ખાવ, તેમાં જ તેનો સ્વાદ છે.'' કઠિયારો ''હા...હા'' કરતો જતો અને ખાતો જતો હતો. પત્નીની નજર ચૂકવીને તેણે પાંચ છ માલપૂખા થેલીમાં સરકાવી લીધા.

ત્યાં તેની પત્ની બોલી : 'અરે, આટલી ઉતાવળ શી છે ? હું તો પહોંચી પણ નથી શકતી.''

''અરે, હજી ઘણે દૂર જંગલમાં જવાનું છે. ધનનું પોટલું બહુ ભારે છે, એટલે પેટ ઠાંસીને ભરવું જોઈએ.'' કઠિયારાએ વાતો કરતાં–કરતાં બીજા માલપૂઆ થેલીમાં ભરી લીધા. પછી ઉપરછલ્લો દેખાવ કરતાં તેણે કહ્યું : ''હવે તો હું બહુ ખાઈ ચૂક્યો છું. તું ખાઈ લે, પછી આપણે જઈએ.'

રાત્રિનો અંધકાર વધી રહ્યો હતો. કઠિયારો અને તેની પત્ની જંગલમાં આગળ વધી રહ્યાં હતાં. ત્યારે કઠિયારાએ એક યુક્તિ કરી. જંગલમાં અંધકાર હોવાથી કોઈને કશું દેખાતું નહોતું. આથી તે થેલીમાંથી માલપૂઆ કાઢતો ગયો અને આસપાસનાં ઝાડની ડાળીઓ પર રાખતો ગયો. તેની પત્ની પાછળ આવતી હતી. તે માલપૂઆ જોઈને કહેતી હતી : ''જુઓ, અહીં આ માલપૂઆનાં પણ ઝાડ છે.''

''હા, આ જંગલમાં માલપૂઆનાં પણ ઝાડ છે.'' કઠિયારાએ બનાવટ કરીને પત્નીને ચગાવી.

''મને તો આ જંગલ બહુ ગમ્યું. મારે હવે રસોઈ નહીં કરવી પડે ! તમને જ્યારે માલપૂઆ ખાવાનું મન થાય, ત્યારે ઝાડ પરથી ઉતારી લેવાના. કેમ, બરાબર ને ? ઓહ ! કેટલું અંધારું છે ! મને તો ગભરાટ થાય છે.''

''અહીં મેં સસલાં પકડવા માટે જાળ પણ બિછાવી છે. ચાલ, આપણે જોઈએ.''

બંને જણ સસલાની જાળ પાસે જઈ પહોંચ્યાં કઠિયારાએ સસલાની જાળમાંથી માછલી કાઢી. માછલી જોઈ કઠિયારણ નવાઈ પામતાં બોલી : ''અરે ! સસલાંની જાળમાંથી માછલી ક્યાંથી આવી ?''

''તને ખબર નથી ? અહીં જમીન પર માછલી અને પાણીમાં સસલાં થાય છે.'' આમ બંને વાતો કરતાં કરતાં નદીએ પહોંચ્યાં, કઠિયારણ બોલી : ''તમે અહીં પણ જાળ નાખી છે ને ?''

હવે માછલીની જાળમાંથી સસલું નીકળેલું જોઈને તે તો આભી જ બની ગઈ. તે બોલી : ''કેવી વિચિત્ર વાત કરી રહી છે ! પાણીમાં સસલાં કદી રહેતાં જ નહીં હોય ?''

''અરે, તું પણ કેવી વિચિત્ર વાત કરી રહી છે ! પાણીમાં સસલાં કદી રહેતાં જ નહીં હોય ?''

''ખરેખર, મેં પાણીમાં સસલાં કદી જોયાં નહોતાં.''

કઠિયારો અને કઠિયારણ ધનવાળા ઝાડ નીચે આવી પહોંચ્યાં. કઠિયારાએ ચોતરફ દષ્ટિપાત કરીને નિરીક્ષણ કરી લીધું કે કોઈની હાજરી તો નથી ને. પછી તેણે પેલો મોટો પથ્થર હટાવ્યો. માટી હટાવીને ધનનું પોટલું કાઢ્યું અને તે લઈને બંને ઘર તરફ આગળ વધ્યાં.

તેઓ નગરશેઠનાં ઘર સામેથી પસાર થયાં ત્યારે દૂરથી શિયાળનું રૂદન સંભળાઈ રહ્યું હતું. કઠિયારણે કઠિયારાને ધીમેથી પૂછ્યું : ''આ કોનો અવાજ છે ? મને તો બહુ ગભરાટ થઈ રહ્યો છે.'' કઠિયારણ ભયથી ધ્રૂજતી હતી.

કઠિયારો બોલ્યો : ''અરે, આ તો કોઈ શેતાનનો અવાજ છે. એ નગરશેઠનું ગળું દબાવી રહ્યો છે, એટલે આપણે જલદી ભાગો, નહીંતર આપણું આવી બન્યું સમજો.''

બંને જણાં જલદી જલદી ઘર તરફ ચાલવા લાગ્યાં. કઠિયારાએ ધીમેથી કહ્યું : ''જોજે હોં, ખાસ ધ્યાન રાખજે. આ ધન માટે કોઈને વાત કરીશ નહીં. નહીંતર આપણા પર મુસીબતોનો પહાડ તૂટી પડશે.''

''ભલે, હું કોઈને નહીં કહું.'' કહીને તેણે આશ્વાસન આપ્યું.

બીજા દિવસે કઠિયારણ કૂવે પાણી ભરવા ગઈ. ત્યારે એક પડોશણ સ્ત્રીએ પૂછ્યું : ''તું આજે પાણી ભરવા મોડી કેમ આવી !''

‘‘હું ગઈ કાલે રાત્રે બહાર ગઈ હતી, એટલે મોડી ઊઠી. મારા પતિને એક ખાડામાંથી ધન મળ્યું છે, બોલ. પણ તું કોઈને કહેતી નહીં. તે લેવા અમે બંને ગયાં હતાં.’’

ધીરેધીરે આ વાત આખા ગામમાં ફેલાઈ ગઈ અને છેવટે....નગરશેઠના કાને પણ પહોંચી ગઈ. નગરશેઠે કઠિયારાને બોલાવીને પૂછ્યું : ‘‘તને ખાડામાંથી ધન મળ્યું છે, છતાં તેં મને વાત શા માટે કરી નહીં ?’’

‘‘ખાડો ? ધન ? ક્યા ખાડામાંથી ? મને તો આ બાબત વિશે કશી ખબર નથી. તમને આવું કહ્યું કોણે ?’’

‘‘સત્ય હકીકત બતાવ....’’ ગુસ્સામાં નગરશેઠ રાતા–પીળા થતાં બોલ્યા : ‘‘શું આ વાત સાચી નથી ? આ વાત તો તારી પત્નીએ જ આખા ગામમાં કરી છે. મને પણ વાત મળી છે. છતાં તું ખોટી કહે છે ?’’

‘‘પણ એનું મગજ ચસકી ગયું છે, એટલે તે પાગલ જેવી વાતો કરતી ફરે છે, જેનો સ્વપ્નમાં પણ ખ્યાલ ન આવે.’’

નગરશેઠ બોલ્યા : ‘‘ભલે, ત્યારે, તારી પત્નીને હાજર કર.’’

કઠિયારણ હાજર થઈ.

નગરશેઠે કઠિયારણને કહ્યું : ‘‘જે સત્ય હકીકત હોય, તે વિના સંકોચે કહે. સાચું કહીશ તો તને ઇનામ આપવામાં આવશે....’’

કઠિયારણ ધીરેથી બોલી : ‘‘અમે રાત્રે જંગલમાં ગયાં...ત્યાં ભયાનક અંધારું હતું....રસ્તામાં અમને માલપૂઆનાં ઝાડ મળ્યાં....’’

‘‘હા, ખરેખર, માલપૂઆનાં ઝાડ. પછી અમે આગળ વધ્યાં, ત્યાં સસલાની જાળમાંથી માછલી મળી. ત્યાંથી અમે નદી કિનારે ગયાં, નદીમાંથી જાળ બહાર કાઢી તો તેમાંથી સસલું નીકળ્યું. નદી કિનારેનાં ઝાડ પાસેથી મારા પતિને ધનનું પોટલું મળ્યું હતું. તે ધનનું પોટલું લઈને અમે આપના ઘર પાસેથી પસાર થતાં હતાં, ત્યારે કોઈ શેતાન આપનું ગળું દબાવી રહ્યો હતો. આપનો ભયંકર અવાજ સંભળાઈ રહ્યો હતો.’’

આ સાંભળતાં જ નગરશેઠ જાણે સળગી ઊઠ્યો હોય એમ બૂમો પાડવા લાગ્યો : ‘‘બેવકૂફ સ્ત્રી, આ તું શું બકી રહી છે, તેનું તને ભાન છે ?.... લઈ જાવ આ પાગલ સ્ત્રીને....’’

કઠિયારાએ નમ્ર સ્વરે કહ્યું : ‘‘જોયું આપે નજરોજનર ? મારે આની સાથે કેવી દુઃખમય જિંદગી ગુજારવી પડે છે !’’

‘‘હું તારી મુસીબત સમજી શકું છું.’’

નગરશેઠે થોડું આશ્વાસન આપ્યા પછી થોડી વાર અટકીને કહ્યું : ‘‘હવે તું જઈ શકે છે.’’

કઠિયારો ચાલ્યો ગયો.

હવે કઠિયારો સુખેથી જીવન વિતાવી રહ્યો છે. અને કોઈ–કોઈ વખત નગરશેઠને ઉલ્લુ બનાવ્યાની વાત યાદ આવતાં મનોમન હસી પડે છે.

■